# Direct cargo ferry service between India and Maldives starts today ( Another milestone in the comprehensive bilateral relations between India and Maldives: Shri Mandaviya )

September 21, 2020

## આજે ભારત અને માલદીવ વચ્ચે ડાઈરેક્ટ કાર્ગો ફેરી સેવા શરૂ થાય છે (ભારત અને માલદીવ વચ્ચે વ્યાપક દ્વિપક્ષીય સંબંધોમાં અન્ય એક સીમાચિહ્ન: શ્રી માંડવીયા)

સપ્ટેમ્બર 21, 2020

શિપિંગ માટેનાં રાજ્ય કક્ષાનાં મંત્રી (સ્વતંત્ર કાર્યભાર) શ્રી મનસુખ માંડવીયા અને માલદીવનાં પરિવહન અને નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રીમતિ ઐશાથ નાહુલાએ આજે સંયુક્ત રીતે ભારત અને માલદીવ વચ્ચે ડાઈરેક્ટ કાર્ગો ફેરી સેવા ઈ-લોન્ચ કરી હતી.

તેની પ્રથમ સફર દરમિયાન, 200 TEU અને 3000 MT બ્રેક બલ્ક કાર્ગોની ક્ષમતા ધરાવતું જહાજ આજે તુતિકોરિનથી કોચી રવાના થશે, જ્યાંથી તે ઉત્તર માલદીવમાં આવેલા કુલ્હુધુફ્ફુશી બંદર તરફ આગળ વધશે અને પછી માલે બંદર જશે. તે 26 સપ્ટેમ્બર 2020 નાં રોજ કુલ્હુધુફ્ફુશી અને 29 સપ્ટેમ્બર 2020 નાં રોજ માલે પહોંચવાનું નિર્ધારિત છે. શિપિંગ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા દ્વારા સંચાલિત આ ફેરી સેવા મહિનામાં બે વખત સફર કરશે અને ભારત અને માલદીવ વચ્ચે માલસામાનની હેરફેરની સસ્તી, સીધી અને વૈકલ્પિક રીત પ્રદાન કરશે.

આ પ્રસંગે સંબોધન કરતા, શિપિંગનાં રાજ્ય કક્ષાનાં મંત્રી (સ્વતંત્ર કાર્યભાર) શ્રી માંડવીયાએ નોંધ લીધી હતી કે ભારત અને માલદીવ વચ્ચે વ્યાપક દ્વિપક્ષીય સંબંધોમાં આ સેવા અન્ય એક સીમાચિહ્ન છે. તેણે જણાવ્યું હતું કે આ ડાઈરેક્ટ કાર્ગો સેવા લોકો-થી-લોકો વચ્ચેનાં સંપર્ક અને દ્વિપક્ષીય વ્યાપારને વેગ આપીને ભારત અને માલદીવ વચ્ચે વઝુ નજીકનાં જોડાણનું નિર્માણ કરશે.

માલદીવનાં પરિવહન અને નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રીમતિ ઐશાથ નાહુલાએ ભારત અને માલદીવ વચ્ચે મૈત્રી અને સહકારનાં નજીકનાં જોડાણને પ્રતિબિંબિત કરતી આ સેવા શરૂ કરવા બદલ અંતઃકરણપૂર્વકની પ્રશંસા વ્યક્ત કરી હતી.

આ સેવાનો પ્રારંભ ગત વર્ષે જૂન મહિનામાં પોતાની માલદીવની મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલા વચનને અને 13 ઓગસ્ટ 2020 નાં રોજ માલદીવનાં વિદેશ મંત્રી સાથેની વર્ચ્યુઅલ મીટિંગમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર દ્વારા કરવામાં આવેલી ઘોષણાને નક્કર રીતે પૂર્ણ કરે છે.

ભારતનાં શિપિંગ મંત્રાલય અને વિદેશ મંત્રાલયનાં વરિષ્ઠ અધિકારીઓ, અને માલદીવનાં આધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 21, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.